સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS


જીતવાની જીદ અને પાસ થવાનું ઝનૂન એટલે જ બિન સચિવાલયનું વિજય તિલક

બિનસચિવાલયની પરીક્ષા માટે સર્વે વિદ્યાર્થી મિત્રોને

ALL THE BEST
DO YOUR BEST....

નવી બ્રાંચ

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

હવે ગાંધીનગરમાં

આપની વધુ પાસે, હર હંમેશ આપની સાથે...

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS ગાંધીનગર

ઘ-2, સેક્ટર-6, બીજો માળ, ઈસ્કોન ગાંઠીયા પાસે, ગાંધીનગર

81406-01110 / 81407-01110



સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)


[NOV-2019]
[03/11 to 09/11]

# WEEK-45


t.me/icerajkotofficial | icerajkot | icerajkot | icerajkot

SADGURU COMPLEX, 2nd FLOOR, NR. AKSHAR MANDIR,
KALAWAD ROAD, RAJKOT-360001.
CALL : 9375701110 / 9328001110

## 03 NOVEMBER, 2019 SUNDAY

### ➤ 9મા રગ્બી વર્લ્ડ કપ 2019માં દક્ષિણ આફ્રિકા ચેમ્પિયન

તાજેતરમાં 20 સપ્ટેમ્બરથી 2 નવેમ્બર 2019 દરમિયાન જાપાન ખાતે 9મા રગ્બી વર્લ્ડ કપ 2019નું આયોજન થયું હતું.

- આ રગ્બી વર્લ્ડ કપની ફાઈનલ મેચમાં ઈંગ્લેન્ડને પરાજય આપીને દક્ષિણ આફ્રિકા ચેમ્પિયન બન્યું છે.
- આ સાથે જ દક્ષિણ આફ્રિકાએ કુલ 3 વખત આ વર્લ્ડ કપ જીત્યો છે.

**રગ્બી વર્લ્ડ કપ**

આ વર્લ્ડ કપનો પ્રારંભ 1987થી થયો હતો.

- આ વર્લ્ડ કપ દર ચાર વર્ષે યોજાય છે.
- હવે પછી વર્ષ 2023માં ફ્રાન્સ ખાતે આ વર્લ્ડ કપ યોજાશે.
- આ વર્લ્ડ કપમાં અત્યાર સુધીમાં દક્ષિણ આફ્રિકા અને ન્યુઝીલેન્ડે આ વર્લ્ડ કપ સૌથી વધુ 3-3 વખત જીત્યો છે.



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ➤ ભારતની સુપ્રીમ કોર્ટના 47મા ચીફ જસ્ટીસ તરીકે શ્રી એસ. એ. બોબડેની નિમણૂક

ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે તાજેતરમાં ભારતની સુપ્રીમ કોર્ટના 47મા મુખ્ય ન્યાયાધીશ તરીકે શ્રી એસ. એ. બોબડે અથવા તો શ્રી શરદ અરવિંદ બોબડેની નિમણૂક કરી છે.



- ભારતના 46મા ચીફ જસ્ટિસ શ્રી રંજન ગોગોઈની નિવૃત્તિ બાદ 18 નવેમ્બર 2019ના રોજ શ્રી એસ. એ. બોબડે સુપ્રીમ કોર્ટના નવા મુખ્ય ન્યાયાધીશ તરીકેના શપથ લેશે.

## શ્રી એસ. એ. બોબડે

શ્રી એસ. એ. બોબડે હાલ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ છે.

- 24 એપ્રિલ 1956ના રોજ **મહારાષ્ટ્રના નાગપુર** ખાતે તેમનો જન્મ થયો હતો.
- વર્ષ **2013**માં તેમની **સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ** તરીકે નિમણૂક કરવામાં આવી હતી.
- એ અગાઉ તેઓ **મધ્યપ્રદેશ હાઈકોર્ટ**માં મુખ્ય ન્યાયાધીશ હતા.
- તેમણે **બોમ્બે હાઈકોર્ટ**માં જજ તરીકે પણ સેવા આપી છે.
- નાગપુર બેન્ચના **વકીલ** તરીકે **1978**માં તેમણે કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો.

## સુપ્રીમ કોર્ટ

- ભારતીય બંધારણના **ભાગ-5**માં **અનુચ્છેદ 124થી 147** અંતર્ગત સુપ્રીમ કોર્ટ અંગેની જોગવાઈ કરવામાં આવી છે.
- ભારતમાં સુપ્રીમ કોર્ટનો નિર્ણય આખરી અને સર્વમાન્ય ગણવામાં આવે છે.
- **28 જાન્યુઆરી, 1950**ના રોજ **નવી દિલ્હી** ખાતે **Chamber of Princes**માં સુપ્રીમ કોર્ટની સ્થાપના કરવામાં આવી હતી.
- આ અગાઉ ભારતમાં **'ભારત સરકાર અધિનિયમ, 1935'** હેઠળ **'ફેડરલ કોર્ટ'**ની સ્થાપના કરવામાં આવી હતી.
- સુપ્રીમ કોર્ટ એ આ **'ફેડરલ કોર્ટ'**ની અનુગામી સંસ્થા છે.
- સુપ્રીમ કોર્ટની હાલની ઈમારતની ડિઝાઈનના સ્થપતિ **શ્રી ગણેશ ભીખાજી ડિયોલાલીકર** હતા.
- ભારતીય બંધારણના અનુચ્છેદ **124**માં **સર્વોચ્ચ અદાલત**ની **સ્થાપના**ની જોગવાઈ છે.

## સુપ્રીમ કોર્ટમાં ન્યાયાધીશની સંખ્યા

- ભારતીય બંધારણના **અનુચ્છેદ 124(1)** મુજબ **સંસદ** સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની સંખ્યામાં વધારો કે ઘટાડો કરી શકે છે.
- શરૂઆતમાં સુપ્રીમ કોર્ટમાં (1 મુખ્ય ન્યાયાધીશ અને અન્ય 7 ન્યાયાધીશ મળીને) કુલ **8 ન્યાયાધીશો** હતા.
- વર્તમાન સમયે સુપ્રીમ કોર્ટમાં (1 મુખ્ય ન્યાયાધીશ અને અન્ય 33 ન્યાયાધીશ મળીને) વધુમાં વધુ કુલ **34 ન્યાયાધીશો** રાખવાની જોગવાઈ છે.

## સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બનવા માટેની લાયકાત

ભારતીય બંધારણના **અનુચ્છેદ 124(3)** મુજબ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બનવા માટેની **લાયકાત** નીચે મુજબ છે :

(1) તેઓ ભારતના નાગરિક હોવા જોઈએ.

(2) તેઓ 5 વર્ષથી હાઈકોર્ટના (વડી અદાલતના) ન્યાયાધીશ હોવા જોઈએ.

અથવા

તેઓ 10 વર્ષથી હાઈકોર્ટના વકીલ હોવા જોઈએ

અથવા

રાષ્ટ્રપતિના મતાનુસાર તેઓ પ્રતિષ્ઠિત કાયદાશાસ્ત્રી હોવા જોઈએ.

**નોંધ :** (1) સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ વધુમાં વધુ **65 વર્ષ**ની ઉંમર સુધી પદ પર રહી શકે છે.

(2) જોકે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બનવા માટે ન્યૂનતમ વય મર્યાદા નક્કી કરવામાં આવી નથી.

(3) સુપ્રીમ કોર્ટનો **મુદ્રાલેખ** છે : **'યતો ધર્મસ્તતો જય:'** એટલે કે **"જ્યાં ધર્મ છે ત્યાં જ વિજય છે."**

(4) સુપ્રીમ કોર્ટમાં ન્યાયિક કામકાજ માટે **અંગ્રેજી ભાષા**નો ઉપયોગ કરવામાં આવે છે.

(5) ભારતીય બંધારણના **અનુચ્છેદ 124(2)** મુજબ **રાષ્ટ્રપતિ** દ્વારા સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની **નિમણૂક** કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(6) ભારતીય બંધારણના અનુચ્છેદ 124(4) અંતર્ગત દર્શાવેલ પ્રક્રિયા અનુસાર સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશને તેમના પદ પરથી દૂર કરી શકાય છે.

(7) ભારતમાં સૌપ્રથમ ઈ.સ. 1861માં કોલકાતા, મુંબઈ અને મદ્રાસ ખાતે અદાલતની સ્થાપના થઈ હતી. (આ અદાલતોની સ્થાપના 'ભારતીય ઉચ્ચ ન્યાયાલય અધિનિયમ, 1862' મુજબ કરવામાં આવી હતી.)

## સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ

- સુપ્રીમ કોર્ટના **પ્રથમ** મુખ્ય ન્યાયાધીશ **શ્રી હરિલાલ જે. કણિયા** ગુજરાતી હતા.
- **જસ્ટિસ મુહમ્મદ હિદાયતુલ્લાહ** સુપ્રીમ કોર્ટના એવા મુખ્ય ન્યાયાધીશ હતા કે જેમણે ભારતના **કાર્યકારી રાષ્ટ્રપતિ** તરીકે સેવા આપી હતી.
- સુપ્રીમ કોર્ટના **પ્રથમ મહિલા ન્યાયાધીશ શ્રીમતી ફાતિમાબીબી** હતા.
- જેમની વિરુદ્ધ **સૌપ્રથમ ન્યાયાધીશ પદેથી હટાવવાનો પ્રસ્તાવ** લાવવામાં આવ્યો હોય તેવા સુપ્રીમ કોર્ટના પ્રથમ ન્યાયાધીશ **શ્રી વી. રામાસ્વામી** હતા. જોકે તેમની વિરુદ્ધનો આ મહાભિયોગ પ્રસ્તાવ પાછો ખેંચવામાં આવ્યો હતો.

## ગુજરાતમાં જન્મ થયો હોય તેવા સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ

| ક્રમ (કેટલામા મુખ્યન્યાયાધીશ) | નામ | જન્મ સ્થળ |
|---|---|---|
| 1 | શ્રી હરિલાલ જે. કણિયા | નવસારી |
| 12 | શ્રી જયંતિલાલ છોટાલાલ શાહ | અમદાવાદ |
| 17 | શ્રી પી. એન. (પ્રફુલ્લચંદ્ર નટવરલાલ) ભગવતી | અમદાવાદ |
| 26 | શ્રી અઝીઝ મુશ્બર અહમદી | સુરત |

**નોંધ :** સુપ્રીમ કોર્ટના પ્રથમ મુખ્ય ન્યાયાધીશ શ્રી હરિલાલ જે. કણિયાના ભત્રીજા શ્રી એમ. એચ. (મધુકર હિરાલાલ) કણિયા પણ ભારતના મુખ્ય ન્યાયાધીશ બન્યા હતા. જોકે, શ્રી એમ. એચ. કણિયાનો જન્મ મુંબઈમાં થયો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સુપ્રીમ કોર્ટ સંબંધિત બંધારણના મહત્ત્વના અનુચ્છેદ

| અનુચ્છેદ | જોગવાઈ |
|---|---|
| 124 થી 147 | સુપ્રીમ કોર્ટ અંગેની જોગવાઈ |
| 124 | સુપ્રીમ કોર્ટની સ્થાપના |
| 124(1) | સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની સંખ્યામાં ફેરફાર કરવાની સંસદની સત્તા |
| 124(2) | રાષ્ટ્રપતિ દ્વારા સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની નિમણૂક |
| 124(3) | સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બનવા માટેની લાયકાત |
| 124(4) | સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશને હોદ્દા પરથી દૂર કરવાની પ્રક્રિયા |
| 124(6) | સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની રાષ્ટ્રપતિ સમક્ષ શપથવિધિ |



## ICE ? Questions

1. તાજેતરમાં રગ્બી વર્લ્ડ કપ 2019નું આયોજન કયાં થયું હતું ?
   (A) ઈંગ્લેન્ડ (B) દક્ષિણ આફ્રિકા (C) જાપાન (D) ન્યુઝીલેન્ડ — **(C)**

2. રગ્બી વર્લ્ડ કપ 2019 વિજેતા ટીમનું નામ શું છે ?
   (A) ઈંગ્લેન્ડ (B) દક્ષિણ આફ્રિકા (C) જાપાન (D) ન્યુઝીલેન્ડ — **(B)**

3. રગ્બી વર્લ્ડ કપ 2019ની ફાઈનલ મેચમાં કઈ ટીમને પરાજય આપીને દક્ષિણ આફ્રિકાએ આ વર્લ્ડ કપ ત્રીજી વખત જીતી લીધો છે ?
   (A) ઈંગ્લેન્ડ (B) જાપાન (C) ઓસ્ટ્રેલિયા (D) ન્યુઝીલેન્ડ — **(A)**

4. ભારતની સુપ્રીમ કોર્ટના નવા ચીફ જસ્ટીસ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?
   (A) શ્રી ડી. વાય. ચંદ્રચૂડ (B) શ્રી એસ. એ. બોબડે
   (C) શ્રી કે. એમ. જોસેફ (D) શ્રી હેમંત ગુપ્તા — **(B)**

5. શ્રી એસ. એ. બોબડેની સુપ્રીમ કોર્ટના કેટલામા મુખ્ય ન્યાયાધીશ તરીકે નિમણૂક કરવામાં આવી છે ?
   (A) 46મા (B) 47મા (C) 48મા (D) 49મા — **(B)**

6. શ્રી એસ. એ. બોબડેનો જન્મ ક્યાં થયો હતો ?
   (A) પૂણે, મહારાષ્ટ્ર (B) મુંબઈ, મહારાષ્ટ્ર
   (C) નાગપુર, મહારાષ્ટ્ર (D) ઉદેપુર, રાજસ્થાન — **(C)**

7. શ્રી એસ. એ. બોબડે અગાઉ કઈ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ હતા ?
   (A) મહારાષ્ટ્ર (B) મધ્યપ્રદેશ (C) કેરળ (D) બિહાર — **(B)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

દરેક સ્પર્ધામાં વહેલી શરૂઆત... એટલે જ વિજય

ગાંધીનગરમાં ICEની નવી બ્રાંચનો શુભારંભ

તલાટી / જુનિયર કલાર્ક / સિનિયર કલાર્ક / મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારી વગેરે...

SPECIAL BATCH
ટ્રાયલ લેક્ચર ફ્રી
21/11/19
સવારે 8 થી 11

નવા શુભારંભ સાથે સ્પેશિયલ ડિસ્કાઉન્ટ
પ્રથમ 121 વિદ્યાર્થી માટે
5000/-નું SPECIAL DISCOUNT

આવનારી વર્ગ-3ની તમામ ભરતીઓ માટે ખાસ બેચ

ICE ગાંધીનગર
100% સફળતા માટે
ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

રજિસ્ટ્રેશન ફરજિયાત
81406-01110 / 81407-01110
વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ

ઘ-2, સેક્ટર-6, બીજો માળ, ઈસ્કોન ગાંઠીયા પાસે, ગાંધીનગર

## 04 NOVEMBER, 2019 MONDAY

## ➤ 16મું ભારત-આસિયાન શિખર સંમેલન 2019

તાજેતરમાં 3 નવેમ્બર 2019ના રોજ થાઈલેન્ડના બેંગકોક ખાતે 16મા ભારત-આસિયાન શિખર સંમેલન 2019નું આયોજન કરવામાં આવ્યું હતું.

- ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી આ શિખર સંમેલનમાં ઉપસ્થિત રહ્યા હતા.

### 35th ASEAN Summit 2019

તાજેતરમાં 31 ઓક્ટોબરથી 5 નવેમ્બર 2019 દરમિયાન થાઈલેન્ડના બેંગકોક ખાતે 35મી આસિયાન સમિટનું આયોજન થયું હતું.

- આ સમિટ અંતર્ગત યોજાયેલી વિવિધ બેઠકોમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભાગ લીધો હતો.

### ASEAN

ASEANનું પૂરું નામ Association of Southeast Asian Nations છે.

- આશિયાન એ દક્ષિણ-પૂર્વ એશિયાના 10 દેશોનું સંગઠન છે.
- તેના સભ્ય દેશોમાં બ્રુનેઈ, ઈન્ડોનેશિયા, કંબોડિયા, લાઓસ, મલેશિયા, મ્યાનમાર, ફિલિપાઈન્સ, સિંગાપોર, થાઈલેન્ડ અને વિયેતનામનો સમાવેશ થાય છે.
- ભારત આસિયાનનું સભ્ય નથી.
- 8 ઓગસ્ટ, 1967ના રોજ થાઈલેન્ડની રાજધાની બેંગકોકમાં આસિયાનની સ્થાપના થઈ હતી.
- આસિયાનનું સચિવાલય ઈન્ડોનેશિયાના જકાર્તા ખાતે આવેલું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### સ્વાસ્દી પીએમ મોદી

તાજેતરમાં થાઈલેન્ડના બેંગકોક ખાતે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સન્માનમાં 'સ્વાસ્દી પીએમ મોદી' કાર્યક્રમનું આયોજન થયું હતું.

- તાજેતરમાં અમેરિકામાં યોજાયેલા 'હાઉ ડી મોદી' કાર્યક્રમ બાદ યોજાયેલો એ પ્રકારનો આ બીજો કાર્યક્રમ હતો. જેમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સંબોધન કર્યું હતું.
- આ પ્રસંગે તેમણે શ્રી ગુરુ નાનક દેવની 550મી જન્મજયંતી નિમિત્તે સ્મારક સિક્કાનું અનાવરણ કર્યું હતું.



ICE Questions

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1. | તાજેતરમાં નવેમ્બર 2019 દરમિયાન કયા શહેરમાં 16મા ભારત-આસિયાન શિખર સંમેલનનું આયોજન થયું હતું ? | | | | |
| | (A) નવી દિલ્હી | (B) જકાર્તા | (C) બૅંગકોક | (D) સિંગાપોર | (C) |
| 2. | તાજેતરમાં નવેમ્બર 2019 દરમિયાન થાઈલેન્ડના બૅંગકોક ખાતે યોજાયેલા કેટલામા ભારત-આસિયાન શિખર સંમેલનમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ઉપસ્થિત રહ્યા હતા ? | | | | |
| | (A) 14મા | (B) 16મા | (C) 18મા | (D) 25મા | (B) |
| 3. | તાજેતરમાં આસિયાનની 35મી સમિટનું આયોજન કયાં થયું હતું ? | | | | |
| | (A) જકાર્તા | (B) સિંગાપોર | (C) રંગૂન | (D) બૅંગકોક | (D) |
| 4. | તાજેતરમાં નવેમ્બર 2019 દરમિયાન ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કઈ જગ્યાએ યોજાયેલા 'સ્વાસ્દી પીએમ મોદી' કાર્યક્રમમાં ભાગ લીધો હતો ? | | | | |
| | (A) જકાર્તા | (B) સિંગાપોર | (C) રંગૂન | (D) બૅંગકોક | (D) |

## 05 NOVEMBER, 2019 TUESDAY

### ➢ દિવસ મહિમા : 5 નવેમ્બર, વિશ્વ સુનામી જાગૃતિ દિવસ (World Tsunami Awareness Day)

### ➢ દેવધર ટ્રોફી 2019-20માં ઈન્ડિયા બી ચેમ્પિયન

તાજેતરમાં ભારતમાં 31 ઓક્ટોબરથી 4 નવેમ્બર 2019 દરમિયાન ઝારખંડના રાંચી ખાતે દેવધર ક્રિકેટ ટ્રોફી 2019-20નું આયોજન થયું હતું.

- આ ટ્રોફીની ફાઈનલ મેચમાં ઈન્ડિયા સી ટીમને પરાજય આપીને ઈન્ડિયા બી ટીમે આ ટ્રોફી બીજી વખત જીતી લીધી છે.
- આ ટ્રોફીમાં વિજેતા ટીમ ઈન્ડિયા બીના કેપ્ટનનું નામ શ્રી પાર્થિવ પટેલ છે.



#### દેવધર ટ્રોફી

દેવધર ટ્રોફીએ ભારતની લિસ્ટ A ક્રિકેટ ટુર્નામેન્ટ છે.

- તાજેતરમાં BCCI દ્વારા પસંદ કરવામાં આવેલી ત્રણ ટીમો INDIA-A, INDIA-B અને INDIA-C વચ્ચે આ ટુર્નામેન્ટ યોજાઈ હતી.
- 'ભારતીય ક્રિકેટના ગ્રાન્ડ ઓલ્ડ મેન' તરીકે પ્રસિદ્ધ પ્રો. ડી. બી. દેવધરના નામથી વર્ષ 1973-74થી આ ટુર્નામેન્ટ યોજાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ભારતના ખેડૂતો-વ્યાપારીઓને નુકસાન કર્તા વ્યાપાર સમજૂતી RCEPમાં સામેલ થવાનો ભારતનો ઈનકાર

ભારતના ખેડૂતો-વ્યાપારીઓને નુકસાન કર્તા વ્યાપાર સમજૂતી RCEPમાં સામેલ ન થવાનો ભારત સરકારે નિર્ણય કર્યો છે.

- તાજેતરમાં થાઈલેન્ડના બેંગકોક ખાતે યોજાયેલી ત્રીજી RCEP બેઠકમાં આ અંગે ચર્ચા કરવામાં આવી હતી.
- જેમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ સમજૂતીમાં જોડાવાનો ઈનકાર કર્યો છે.

### RCEP શું છે ?




RCEPનું પૂરું નામ Regional Comprehensive Economic Partnership (પ્રાદેશિક વ્યાપક આર્થિક ભાગીદારી) છે.

- RCEPએ એક પ્રસ્તાવિત Free trade agreement એટલે કે મુક્ત વ્યાપાર સમજૂતી છે.
- આસિયાનના 10 દેશો ઉપરાંત ચીન, જાપાન, દક્ષિણ કોરિયા, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ એમ કુલ 15 દેશોએ આ સમજૂતી પર હસ્તાક્ષર કર્યા છે. જોકે, હજુ આ સમજૂતી અમલમાં આવી નથી.
- આ સમજૂતીમાં 16મા દેશ તરીકે જોડાવા માટે ચીને ભારતને આમંત્રણ આપ્યું હતું. જોકે, ભારતે આ સમજૂતીમાં જોડાવાનો ઈનકાર કર્યો છે.
- આ સમજૂતી અંતર્ગત સભ્ય દેશોને આયાત અને નિકાસમાં સરળતા તથા ટેક્સમાં મોટા પ્રમાણમાં રાહત મળે છે.
- આથી, આ સમજૂતી અંતર્ગત ટેક્સમાં રાહત મળવાથી મોટા પ્રમાણમાં વિદેશી સસ્તો માલ ભારતમાં આવવાને કારણે ભારતીય ઉદ્યોગો પર તેની માઠી અસર થવાની સંભાવના હતી.
- આથી, ભારતે તેમાં જોડાવાનો ઈનકાર કર્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EX

### ICE ? Questions

1. 'વિશ્વ સુનામી જાગૃતિ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 2 નવેમ્બર (B) 3 નવેમ્બર (C) 4 નવેમ્બર (D) 5 નવેમ્બર — (D)

2. દેવધર ટ્રોફી 2019-20 વિજેતા ટીમનું નામ શું છે ?
   (A) ઈન્ડિયા-એ (B) ઈન્ડિયા-બી (C) ઈન્ડિયા-સી (D) નોર્થ ઝોન — (B)

3. તાજેતરમાં કોને પરાજય આપીને ઈન્ડિયા-બી ટીમે દેવધર ટ્રોફી બીજી વખત જીતી લીધી છે ?
   (A) ઈન્ડિયા-એ (B) ઈન્ડિયા-સી (C) નોર્થ ઝોન (D) સાઉથ ઝોન — (B)

4. દેવધર ટ્રોફીનો સંબંધ કઈ રમત સાથે છે ?
   (A) હોકી (B) ફૂટબોલ (C) ક્રિકેટ (D) વોલીબોલ — (C)

5. તાજેતરમાં ભારતે નીચેનામાંથી કઈ વ્યાપાર સમજૂતીમાં જોડાવાનો ઈનકાર કર્યો છે ?
   (A) RCAP (B) RCBP (C) RCCP (D) RCEP — (D)

6. નવેમ્બર 2019 દરમિયાન RCEPની ત્રીજી બેઠકનું આયોજન કયાં થયું હતું ?
(A) કાઠમંડુ (B) સિંગાપોર (C) જકાર્તા (D) બેંગકોક **(D)**

7. RCEPનું પૂરું નામ શું છે ?
(A) Regional Comprehensive Economic Partnership
(B) Regular Comprehensive Economic Partnership
(C) Reliable Comprehensive Economic Partnership
(D) Reorganize Comprehensive Economic Partnership **(A)**

## 06 NOVEMBER, 2019 WEDNESDAY

➤ **દિવસ મહિમા : 6 નવેમ્બર, International Day for Preventing the Exploitation of the Environment in War and Armed Conflict (યુદ્ધ અને સશસ્ત્ર સંઘર્ષમાં પર્યાવરણના શોષણને અટકાવવા માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ)**

### ➤ આતંકવાદ તથા સંગઠિત ગુનાઓના નિયંત્રણ માટે મહત્ત્વના ગુજરાત સરકારના એક્ટ 'ગુજસીટોક'ને રાષ્ટ્રપતિની મંજૂરી



ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે ગુજરાત સરકારના મહત્ત્વના એક્ટ 'ગુજસીટોક'ને મંજૂરી આપી દીધી છે.

- ગુજરાતમાં આતંકવાદી કૃત્ય તથા સંગઠિત ગુનાઓના નિયંત્રણ માટે આ એક્ટ ખૂબ જ અગત્યનો છે.
- આ એક્ટને કારણે ગુનાઓના નિયંત્રણ માટે હવે ગુજરાત પોલીસને વધુ સત્તાઓ મળશે.
- આ એક્ટમાં આતંકવાદી કૃત્ય તથા વિવિધ સંગઠિત ગુનાઓ માટે સજાની જોગવાઈ પણ કરવામાં આવી છે.
- આ ઉપરાંત ગુનાની કાયદાકીય કાર્યવાહી માટે વિશેષ કોર્ટની રચના કરવામાં આવશે. જે ફક્ત આતંકવાદ અને સંગઠિત ગુનાઓને લગતા કેસો જ લડશે.

#### GUJCTOC/GCTOC

GUJCTOCનું પૂરું નામ Gujarat Control of Terrorism and Organised Crime (GUJCTOC અથવા તો GCTOC) Bill, 2015 છે.

- આ બિલને વર્ષ 2015માં ગુજરાત વિધાનસભામાં પસાર કરવામાં આવ્યું હતું.
- જેને 5 નવેમ્બર, 2019ના રોજ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે મંજૂરી આપી દીધી છે.
- આ અગાઉ સૌપ્રથમ વખત એપ્રિલ 2003માં ગુજરાત સરકાર દ્વારા Gujarat Control of Organised Crime નામથી એક બિલ ગુજરાત વિધાનસભામાં પસાર કરવામાં આવ્યું હતું.

- મહારાષ્ટ્ર સરકારના આ પ્રકારના 'મકોકા' અને કર્ણાટકના 'કકોકા' એક્ટને આધારે તૈયાર થયેલું આ બિલ 'ગુજકોક' તરીકે ઓળખાતું હતું.
- જોકે તેને રાષ્ટ્રપતિની મંજૂરી મળી ન હતી. આથી, ગુજરાત સરકારે 'ગુજકોક'માં આતંકવાદી પ્રવૃત્તિને એડ કરીને વર્ષ 2015માં નવું બિલ પસાર કર્યું હતું. જેને રાષ્ટ્રપતિની મંજૂરી મળી ગઈ છે.

## આ એક્ટથી કયા ગુનાઓ નિયંત્રિત થશે ?

આતંકી હુમલો, સોપારી આપવી, ધાક ધમકીથી પૈસા પડાવવા, દાણચોરી, ડ્રગ્સની હેરાફેરી, ખંડણી ઉઘરાવવી, અપહરણ કરવું તથા પોન્ઝિ સ્કીમ અથવા મલ્ટીલેવલ માર્કેટિંગ સ્કીમ ચલાવવી વગેરે જેવા ગુનાઓ આ એક્ટથી નિયંત્રિત થશે.

## આ એક્ટની મહત્વની જોગવાઈઓ

1) સરકાર શંકાસ્પદ લાગતી વ્યક્તિના કોલ કે સંદેશા આંતરીને રેકોર્ડ કરી શકશે અને તેને પૂરાવા રૂપે કોર્ટમાં રજૂ કરી શકાશે.
2) સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ કે તેથી ઉપરના હોદ્દાના અધિકારી સમક્ષ આરોપીએ કરેલી મૌખિક કબૂલાતને પણ કોર્ટમાં પૂરાવા તરીકે રજૂ કરી શકાશે.
3) ચાર્જશીટ ફાઈલ કરવા માટે સમયરેખા 90 દિવસથી વધારીને 180 દિવસ.
4) રિમાન્ડનો સમય 15ને બદલે 30 દિવસ.
5) સરકારી વકીલને વિશ્વાસમાં લીધા બાદ યોગ્ય કારણોસર જ અને આકરી શરતો સાથે જ જામીન મળશે.
6) આતંકી કે સંગઠિત ગુનામાં જો કોઈનું મોત થાય તો અપરાધીને આજીવન કેદ અથવા મૃત્યુ દંડ અને રૂ. દસ લાખ સુધીના દંડની જોગવાઈ.
7) હત્યાનો પ્રયાસ, આતંકી વ્યક્તિને શરણ આપવું કે છૂપાવવા બદલ પાંચ વર્ષ સુધીની જેલ અને પાંચ લાખ સુધીનો દંડ થશે.
8) ગુનાની ઉપજમાંથી સંપાદિત કરેલ મિલકતને સરકાર ટાંચમાં પણ લઈ શકશે. અને મિલકતની તબદીલી રદ બાતલ પણ કરી શકશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

1. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'યુદ્ધ અને સશસ્ત્ર સંઘર્ષમાં પર્યાવરણના શોષણને અટકાવવા માટેના આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?
(A) 4 નવેમ્બર (B) 5 નવેમ્બર (C) 6 નવેમ્બર (D) 7 નવેમ્બર **(C)**

2. ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે તાજેતરમાં ગુજરાત સરકારના મહત્ત્વના બિલ 'ગુજસીટોક'ને મંજૂરી આપી દીધી છે...આ બિલનું પૂરું નામ શું છે ?
(A) Gujarat Control of Terrorism and Organised Crime Bill, 2003
(B) Gujarat Control of Terrorism and Organised Crime Bill, 2008
(C) Gujarat Control of Terrorism and Organised Crime Bill, 2012
(D) Gujarat Control of Terrorism and Organised Crime Bill, 2015 **(D)**

3. ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે તાજેતરમાં ગુજરાત સરકારના મહત્ત્વના બિલ 'ગુજસીટોક'ને મંજૂરી આપી દીધી છે... ગુજરાત વિધાનસભામાં આ બિલ ક્યારે પસાર થયું હતું ?
(A) 2003 (B) 2009 (C) 2015 (D) 2018 **(C)**

4. ગુજરાત સરકારના નવા 'ગુજસીટોક' એક્ટમાં આતંકી કે સંગઠિત ગુનામાં મૃત્યુ બદલ કઈ સજાની જોગવાઈ કરવામાં આવી છે ?
(A) આજીવન કેદ અથવા મૃત્યુ દંડ અને રૂ. 20 લાખ સુધીનો દંડ
(B) આજીવન કેદ અથવા મૃત્યુ દંડ અને રૂ. 10 લાખ સુધીનો દંડ
(C) આજીવન કેદ અથવા મૃત્યુ દંડ અને રૂ. 7 લાખ સુધીનો દંડ
(D) આજીવન કેદ અથવા મૃત્યુ દંડ અને રૂ. 5 લાખ સુધીનો દંડ
**(B)**

## 07 NOVEMBER, 2019 THURSDAY

### ➢ દિવસ મહિમા : 7 નવેમ્બર, રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ

ભારતમાં દર વર્ષે 7 નવેમ્બરના રોજ 'રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- ભારતમાં કેન્સર અંગે જાગૃતિ ફેલાવવા માટે કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા સપ્ટેમ્બર 2014 દરમિયાન આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.
- જોકે, સમગ્ર વિશ્વમાં 'વિશ્વ કેન્સર દિવસ' 4 ફેબ્રુઆરીના રોજ ઉજવાય છે.

અમને વિશ્વાસ છે, આપ પણ અધિકારી બની શકો છો
તલાટી / જુનિયર કલાર્ક સિનિયર કલાર્ક / મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારી વગેરે...
SPECIAL BATCH
SPECIAL DISCOUNT
ફ્રી ટ્રાયલ લેક્ચર
21/11/19
સવાર/બપોર/સાંજ
રાજકોટ
20% Discount 70% થી વધુને
15% Discount 40% થી વધુને
50% Discount 85% થી વધુને
તમામ જૂના વિદ્યાર્થીઓને 50% Discount
ધોરણ- 12માં આપની ટકાવારી મુજબ Special Discount
2012 - 18
1237+
સફળ ઉમેદવાર
ગુજરાત સરકારની વર્ગ-3ની તમામ ભરતીઓ માટે
100% સફળતા માટે
ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS
93757-01110
93280-01110
સદગુરૂ કોમ્પલેક્ષ, કાલાવડ રોડ, તિરૂપતી પેટ્રોલ પંપ સામે, સ્વામિનારાયણ મંદિર પાસે
રાજકોટ

## ➤ અધૂરા રહેલા હાઉસિંગ પ્રોજેક્ટો માટે રૂ. 25000 કરોડની ફાળવણી



તાજેતરમાં નવી દિલ્હી ખાતે વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**ની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં ભારતના **રિયલ એસ્ટેટ સેક્ટર** માટે એક ખૂબ જ અગત્યનો નિર્ણય લેવામાં આવ્યો છે.

- આ નિર્ણય અનુસાર ભારતમાં **અધૂરા રહી ગયેલા હાઉસિંગ પ્રોજેક્ટ** માટે **રૂ. 25,000 કરોડ**ના **અલ્ટરનેટિવ ઈન્વેસ્ટમેન્ટ ફંડ (AIF)**ની રચનાની મંજૂરી આપવામાં આવી છે.
- આ ફંડમાં કેન્દ્ર સરકાર **રૂ. 10,000 કરોડ** આપશે.
- જ્યારે **SBI અને LIC** **રૂ. 15,000 કરોડ** ફાળવશે.
- શરૂઆતમાં કુલ રૂ. 25,000 કરોડના આ ફંડની મદદથી ભારતમાં અધૂરા રહેલા લગભગ **1600** જેટલા હાઉસિંગ પ્રોજેક્ટને પૂરા કરવા માટે મદદ મળશે.
- જેનાથી બિલ્ડરોની ચુંગાલમાં ફસાયેલા આશરે **4.58 લાખ** ઘરોના ખરીદદારોને પોતાનું ઘર મળી શકશે.

**નોંધ : ફક્ત રેરા રજિસ્ટર્ડ અને પોઝિટિવ નેટવર્થ ધરાવતા પ્રોજેક્ટને જ આ ફંડનો લાભ મળશે.**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ તાના-રીરી મહોત્સવ 2019માં ત્રણ વિશ્વ રેકોર્ડ રચાયા



તાજેતરમાં 6-7 નવેમ્બર, 2019ના રોજ **ગુજરાત**માં **મહેસાણા** જિલ્લાના **વડનગર** ખાતે **તાના-રીરી મહોત્સવ 2019નું** આયોજન થયું હતું.

- જેનો 6 નવેમ્બર 2019ના રોજ મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી** અને નાયબ મુખ્યમંત્રી **શ્રી નીતિનભાઈ પટેલ**ની ઉપસ્થિતિમાં પ્રારંભ થયો હતો.
- આ મહોત્સવના પ્રથમ દિવસે **ત્રણ વિશ્વ રેકોર્ડ** રચાયા છે. જે આ પ્રમાણે છે :

(1) **150 તબલાવાદકો દ્વારા 30 મિનિટમાં અલગ અલગ 28 તાલ વગાડવાનો રેકોર્ડ**

(2) **108 વાંસળી વાદકો દ્વારા રાગ ખમાજ પર વૈષ્ણવજન અને રાષ્ટ્રગાન વગાડવાનો રેકોર્ડ**

(3) **કલાગુરૂ શીતલબેન બારોટ દ્વારા 1 મિનિટમાં 9 રસ પ્રમાણે ચહેરાના અલગ અલગ 9 ભાવો રજૂ કરવાનો રેકોર્ડ**

### તાના-રીરી એવોર્ડ

આ પ્રસંગે મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ **સુશ્રી અશ્વિની ભીંડે દેશપાંડે** અને **સુશ્રી પિયુ સરખેલ**ને સંયુક્ત રીતે **તાના-રીરી એવોર્ડ** એનાયત કર્યો હતો.

- આ અંતર્ગત **રૂ. 2.5 લાખ** અને **તામ્રપત્ર** તથા **શાલ** ઓઢાડીને તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

## તાના-રીરી મહોત્સવ

ગુજરાતમાં **વડનગર** ખાતે દર વર્ષે **કારતક સુદ-9 અને 10**ના રોજ **બે દિવસ** માટે આ મહોત્સવ યોજાય છે.

- આ સંગીત મહોત્સવમાં દેશના પ્રખ્યાત કલાવૃંદો અને પ્રસિદ્ધ કલાકારો પોતાની કૃતિઓ રજૂ કરે છે.
- ગુજરાતના આદ્ય કવિ **શ્રી નરસિંહ મહેતા**ના દોહિત્રી **શર્મિષ્ઠા**ની સુપુત્રીઓ **તાના-રીરી**ની યાદમાં **વર્ષ 2003**થી આ મહોત્સવ યોજાય છે.
- બાદશાહ **અકબર**ના નવ રત્નો પૈકીના એક સંગીત સમ્રાટ **તાનસેન**ને **રાગ દિપક** ગાવાથી ઉપડેલી દાહને **વડનગર**ના **શર્મિષ્ઠા તળાવ**ને કાંઠે આ સંગીત બેલડી **તાના-રીરી**એ જ **રાગ મલ્હાર** ગાઈને ઠારી હતી એવું કહેવાય છે.

**નોંધ :** વડનગર **મહેસાણા જિલ્લા**ના **વડનગર** તાલુકામાં આવેલું છે. વડનગર એ મહેસાણા જિલ્લાનો એક તાલુકો છે.

## ICE Questions

1. ભારતમાં 'રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 5 નવેમ્બર (B) 6 નવેમ્બર (C) 7 નવેમ્બર (D) 8 નવેમ્બર **(C)**

2. 'વિશ્વ કેન્સર દિવસ' ક્યારે ઉજવાય છે ?
(A) 7 નવેમ્બર (B) 4 જુલાઈ (C) 4 એપ્રિલ (D) 4 ફેબ્રુઆરી **(D)**

3. તાજેતરમાં ભારતમાં અધૂરા રહેલા હાઉસિંગ પ્રોજેક્ટો માટે કેન્દ્ર સરકારે કયા ફંડની રચના કરવાની મંજૂરી આપી છે ?
(A) અલ્ટરનેટિવ હાઉસિંગ ફંડ (AHF) (B) અલ્ટરનેટિવ રિયલ એસ્ટેટ ફંડ (AREF)
(C) અલ્ટરનેટિવ ઈન્વેસ્ટમેન્ટ ફંડ (AIF) (D) અલ્ટરનેટિવ ઈન્સ્યોરન્સ ફંડ (AIF) **(C)**

4. તાજેતરમાં કેન્દ્ર સરકારે ભારતમાં કયા સેક્ટર માટે અલ્ટરનેટિવ ઈન્વેસ્ટમેન્ટ ફંડ (AIF)ની રચનાની મંજૂરી આપી છે ?
(A) ટેક્સટાઈલ (B) એગ્રિકલ્ચર (C) રિયલ એસ્ટેટ (D) સર્વિસ **(C)**

5. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં ભારતમાં અધૂરા રહેલા હાઉસિંગ પ્રોજેક્ટોને મદદ કરવા માટે કુલ કેટલા રૂપિયાના ફંડની મંજૂરી આપવામાં આવી છે ?
(A) રૂ. 10,000 કરોડ (B) રૂ. 15,000 કરોડ (C) રૂ. 25,000 કરોડ (D) રૂ. 30,000 કરોડ **(C)**

6. ભારતમાં બંધ પડેલા હાઉસિંગ પ્રોજેક્ટોની મદદ માટે રચાનાર રૂ. 25,000 કરોડના ફંડમાં કેન્દ્ર સરકારનું યોગદાન કેટલા રૂપિયાનું હશે ?
(A) રૂ. 25,000 કરોડ (B) રૂ. 20,000 કરોડ (C) રૂ. 15,000 કરોડ (D) રૂ. 10,000 કરોડ **(D)**

7. ભારતમાં બંધ પડેલા હાઉસિંગ પ્રોજેક્ટોની મદદ માટે રચાનાર રૂ. 25,000 કરોડના ફંડમાં SBI અને LICનું યોગદાન કેટલું હશે ?
(A) રૂ. 25,000 કરોડ (B) રૂ. 20,000 કરોડ (C) રૂ. 15,000 કરોડ (D) રૂ. 10,000 કરોડ **(C)**

8. ગુજરાતમાં દર વર્ષે કઈ જગ્યાએ તાના-રીરી મહોત્સવ યોજાય છે ?
(A) મોઢેરા (B) વીજાપુર (C) વિસનગર (D) વડનગર **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

| | | |
|---|---|---|
| 9. | ગુજરાતમાં સામાન્ય રીતે દર વર્ષે કયા દિવસે તાના-રીરી મહોત્સવ યોજાય છે ?<br>(A) 6 - 7 નવેમ્બર (B) 7 - 8 નવેમ્બર (C) કારતક સુદ 8 - 9 (D) કારતક સુદ 9 - 10 | (D) |
| 10. | તાના-રીરી મહોત્સવ 2019માં કુલ કેટલા વિશ્વ રેકોર્ડ રચાયા છે ?<br>(A) એક (B) બે (C) ત્રણ (D) પાંચ | (C) |
| 11. | તાના-રીરી મહોત્સવ 2019માં કુલ કેટલા તબલા વાદકોએ 30 મિનિટમાં અલગ અલગ 28 તાલ વગાડીને વિશ્વ રેકોર્ડ સર્જ્યો છે ?<br>(A) 100 (B) 125 (C) 150 (D) 200 | (C) |
| 12. | તાના-રીરી મહોત્સવ 2019માં કુલ કેટલા વાંસળી વાદકોએ રાગ ખમાજ પર વૈષ્ણવજન તથા રાષ્ટ્રગાન વગાડીને વિશ્વ રેકોર્ડ સર્જ્યો છે ?<br>(A) 51 (B) 100 (C) 101 (D) 108 | (D) |
| 13. | તાના-રીરી મહોત્સવ 2019માં એક મિનિટમાં નવ રસ પ્રમાણે ચહેરાના અલગ અલગ 9 ભાવો રજૂ કરી વિશ્વ રેકોર્ડ સર્જનાર મહિલાનું નામ શું છે ?<br>(A) સુશ્રી છાયાબેન બારોટ (B) સુશ્રી શીતલબેન બારોટ<br>(C) સુશ્રી સુધાબેન બારોટ (D) સુશ્રી સાધનાબેન બારોટ | (B) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 08 NOVEMBER, 2019 FRIDAY

### ➤ દિવસ મહિમા : 8 નવેમ્બર, વિશ્વ શહેરીકરણ દિવસ (World Urbanism Day)

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 8 નવેમ્બરના રોજ 'વિશ્વ શહેરીકરણ દિવસ' ઉજવાય છે.

- તેને 'વિશ્વ ટાઉન પ્લાનિંગ દિવસ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- જોકે, 'વિશ્વ શહેર દિવસ' દર વર્ષે 31 ઓક્ટોબરના રોજ ઉજવાય છે.

### ➤ 2012ની તુલનાએ 2019માં ગુજરાતના પશુધનમાં 0.95 ટકાનો ઘટાડો

તાજેતરમાં ભારતમાં કેન્દ્ર સરકારના પશુપાલન, ડેરી અને મત્સ્યપાલન વિભાગ દ્વારા 20મો પશુધન વસતી ગણતરી રિપોર્ટ 2019 પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

- આ રિપોર્ટ અનુસાર ગુજરાતમાં વર્ષ 2012માં પશુધનની કુલ વસતી 27.1 મિલિયન એટલે કે 2.71 કરોડ હતી.
- જે વર્ષ 2019માં ઘટીને 26.9 મિલિયન એટલે કે 2.69 કરોડ થઈ ગઈ છે.
- આમ, વર્ષ 2012ની તુલનાએ વર્ષ 2019માં ગુજરાતના પશુધનમાં 0.95 ટકાનો ઘટાડો થયો છે.

### ➤ પ્રથમ બિમ્સ્ટેક બંદર (Port) સંમેલન




તાજેતરમાં ભારતમાં 7 અને 8 નવેમ્બર 2019 દરમિયાન આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ ખાતે પ્રથમ બિમ્સ્ટેક બંદર (Port) સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું.

- આ સંમેલનમાં બંદરોની સુરક્ષા, ઉત્પાદકતા અને રોકાણની તકો અંગે ચર્ચા કરવામાં આવી હતી.

## BIMSTEC

બિમ્સ્ટેક એ **બંગાળની ખાડી**માં વસતા **સાત દેશો**નું સંગઠન છે.

- બિમ્સ્ટેકનો મુખ્ય ઉદ્દેશ બંગાળની ખાડીમાં રહેલા દેશો વચ્ચે ટેક્નીકલ અને આર્થિક સહયોગનો છે.
- આ ઉદ્દેશની પૂર્તિ માટે **6 જૂન, 1997**ના રોજ **'બૅંગકોક ઘોષણાપત્ર'** અંતર્ગત બિમ્સ્ટેકની સ્થાપના કરવામાં આવી હતી.
- તેનું વડું મથક **બાંગ્લાદેશ**ના **ઢાકા** ખાતે આવેલું છે.
- બિમ્સ્ટેકમાં કુલ **સાત** સભ્ય દેશો છે.
- તેના સાત સભ્ય દેશોમાં **ભારત**, **બાંગ્લાદેશ**, **ભૂટાન**, **મ્યાનમાર**, **નેપાળ**, **શ્રીલંકા** અને **થાઈલેન્ડ**નો સમાવેશ થાય છે.
- BIMSTECનું પૂરું નામ **'Bay of Bengal Initiative for Multi-Sectoral Technical and Economic Cooperation'** છે.
- બિમ્સ્ટેકના સભ્ય દેશોની કુલ વસતી 1.5 અબજ છે. જે વિશ્વની વસતીના 21 ટકા છે.

## ICE Questions

1. 'વિશ્વ શહેરીકરણ દિવસ' અથવા તો 'વિશ્વ ટાઉન પ્લાનિંગ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 6 નવેમ્બર (B) 7 નવેમ્બર (C) 8 નવેમ્બર (D) 9 નવેમ્બર — (C)

2. 'વિશ્વ શહેર દિવસ' ક્યારે ઉજવાય છે ?
(A) 8 નવેમ્બર (B) 31 નવેમ્બર (C) 31 ઓગસ્ટ (D) 31 ઓક્ટોબર — (D)

3. 20મા પશુધન વસતી ગણતરી રિપોર્ટ અનુસાર વર્ષ 2019માં ગુજરાતમાં કુલ પશુધનની વસતી કેટલી છે ?
(A) 27.1 મિલિયન અથવા 2.71 કરોડ (B) 26.9 મિલિયન અથવા 2.69 કરોડ
(C) 25.1 મિલિયન અથવા 2.51 કરોડ (D) 25.9 મિલિયન અથવા 2.59 કરોડ — (B)

4. 20મા પશુધન વસતી ગણતરી રિપોર્ટ અનુસાર વર્ષ 2012ની તુલનાએ વર્ષ 2019માં ગુજરાતના પશુધનની કુલ વસતીમાં કેટલા ટકાનો ઘટાડો થયો છે ?
(A) 1.95 (B) 1.85 (C) 0.95 (D) 0.85 — (C)

5. તાજેતરમાં નવેમ્બર 2019 દરમિયાન પ્રથમ બિમ્સ્ટેક બંદર (Port) સંમેલન ક્યાં યોજાયું હતું ?
(A) ઢાકા (B) કાઠમંડુ (C) નવી દિલ્હી (D) વિશાખાપટ્ટનમ — (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 09 NOVEMBER, 2019 SATURDAY

### ➤ દિવસ મહિમા : 9 નવેમ્બર, રાષ્ટ્રીય ન્યાયિક સેવા દિવસ (National Legal Service Day)

### ➤ વિશ્વના સૌથી મોટા પશુ મેળા 'પુષ્કરના મેળા'નો રાજસ્થાનમાં પ્રારંભ

ભારતમાં **રાજસ્થાન**ના **અજમેર** જિલ્લાના **પુસ્કર** ખાતે દર વર્ષે **કારતક મહિના**માં મેળો ભરાય છે.

- આ મેળો કારતકી પૂર્ણિમા સુધી ચાલે છે.
- આ મેળાને **'પુષ્કરનો મેળો'**, **'પુષ્કરનો ઊંટનો મેળો'** અથવા તો **'કારતક મેળા'** તરીકે પણ ઓળખવામાં આવે છે.

- ખાસ કરીને **ઊંટ** ઉપરાંત **ઘોડા, બળદ તથા અન્ય પશુઓ**ના ખરીદ વેચાણ તથા પ્રદર્શન માટે આ મેળો ખૂબ જ પ્રસિદ્ધ છે.

**નોંધ :** **પુષ્કર સરોવર**ના કિનારે ભરાતો પુષ્કરનો આ મેળો **વિશ્વનો સૌથી મોટો પશુ મેળો** છે.



## ➤ ગિરનારની લીલી પરિક્રમા

ગુજરાતમાં **ગરવા ગિરનાર**ની પરિક્રમા **'લીલી પરિક્રમા'** તરીકે ઓળખાય છે.

- હિંદુ કેલેન્ડર પ્રમાણે પ્રતિ વર્ષ **કારતક સુદ અગિયારસની મધ્યરાત્રી**એ આ પરિક્રમાનો વિધિવત્ પ્રારંભ થાય છે.

### ગિરનારની લીલી પરિક્રમાની વિશેષતા

- દર વર્ષે **કારતક સુદ અગિયારસથી કારતકી પૂનમ** સુધી આ પરિક્રમા યોજાય છે.
- ગિરનારની પરિક્રમાથી ગરવા ગિરનારમાં વસતા 33 કરોડ દેવતાઓના તપનું પુણ્ય મળે છે એવી લોકવાયકા છે.
- આ પરિક્રમા **36 કિલોમીટર** લાંબી છે.
- આ પરિક્રમાનો પ્રારંભ **જૂનાગઢ**ની **ભવનાથ તળેટી**માં આવેલ **દૂધેશ્વર મહાદેવના મંદિર**થી થાય છે.
- આ પરિક્રમા પૂર્ણ કર્યા બાદ ભાવિકો **દામોદર કુંડ**માં સ્નાન કરે છે. એવું કહેવાય છે કે જયાં સુધી દામોદર કુંડમાં સ્નાન ન કરે ત્યાં સુધી લીલી પરિક્રમા અધૂરી ગણાય છે.
- આ પરિક્રમાના મુખ્ય પડાવોમાં **ઝીણાબાવાની મઢી**, **માળવેલા** અને **બોરદેવી મંદિર**નો સમાવેશ થાય છે.
- લીલી પરિક્રમાના રૂટ પર **ત્રણ ઘોડીઓ** (એટલે કે પર્વતોની વચ્ચે પસાર થઈ રહેલી બળદના ખૂંધ જેવી રચના. જેમાં પહેલાં ચઢાણ ચઢવાનું અને પછી એ જ ચઢાણ ઉતરવાનું હોય છે.) આવે છે : **(1) ઈંટવા ઘોડી, (2) માળવેલા ઘોડી અને (3) નાળ-પાણીની ઘોડી**.
- જેમાં **નાળ-પાણીની ઘોડી** સૌથી આકરી અને ઘણી ઊંચાઈએ આવેલ છે. તેમજ તેનું ચઢાણ એકદમ સીધું છે.
- આ ઘોડી માળવેલા તથા બોરદેવી મંદિરની વચ્ચે સ્થિત છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ વર્ષ 2019માં ઉત્તર હિંદ મહાસાગરમાં ઉદ્ભવેલા ચક્રવાત

ભારતના ઉત્તર હિંદ મહાસાગરમાં 1 જાન્યુઆરીથી 8 નવેમ્બર 2019 સુધીમાં કુલ 7 ચક્રવાતો આવ્યા હતા.

- આ ચક્રવાતોના નામ ક્રમશ: આ પ્રમાણે છે : Pabuk, Fani, Vayu, Hikka, Kyarr, Maha અને BulBul.
- આ ચક્રવાતોમાં વર્ષ 2019માં આવેલા પ્રથમ ચક્રવાતનું નામ Pabuk છે.
- Pabuk બાદ Fani નામના ચક્રવાતનો ઉદ્ભવ થયો હતો. આ Fani ચક્રવાતને કારણે ઓડિશામાં વ્યાપક નુકશાન થયું હતું.
- Fani બાદ ઉદ્ભવેલા Vayu નામના ચક્રવાતને કારણે ગુજરાતના અનેક ભાગોમાં વરસાદ થયો હતો.
- Vayu બાદ ઉદ્ભવેલા Hikka નામના ચક્રવાતને કારણે ઓમાનમાં 5થી 7 લોકોના મૃત્યુ થયા હતા.
- Hikka બાદ ઉદ્ભવેલું Kyarr વર્ષ 2019નું **સૌથી વધુ સ્ટ્રોન્ગ ચક્રવાત** હતું.
- અને તે વર્ષ 2019માં Super Cyclonic Storm તરીકે ફેરવાયેલું **એક માત્ર ચક્રવાત** હતું.
- આ વિસ્તારમાં વર્ષ 2007માં ઉદ્ભવેલા Gonu બાદ Super Cyclonic Storm તરીકે ફેરવાયેલું આ પ્રથમ ચક્રવાત હતું એવું કહેવાય છે.
- આ ચક્રવાતમાં પવનની મહત્તમ ઝડપ 250 કિમી પ્રતિ કલાક સુધીની હતી.
- આ ચક્રવાતને કારણે ગુજરાતમાં દિવાળીના તહેવાર દરમિયાન વરસાદ થયો હતો.
- 1 નવેમ્બર 2019ના રોજ આ ચક્રવાત સોમાલિયાના દરિયા કિનારા પાસે ડિપ્રેશનમાં ફેરવાયું હતું.
- Kyarr બાદ નવેમ્બર 2019 દરમિયાન Maha નામના ચક્રવાતનો ઉદ્ભવ થયો હતો. આ ચક્રવાતને કારણે 5-6 નવેમ્બર, 2019 દરમિયાન ગુજરાતમાં કેટલાક ભાગોમાં વરસાદ થયો હતો.
- Maha બાદ 6 નવેમ્બર 2019ના રોજ BulBul નામના ચક્રવાતનો ઉદ્ભવ થયો છે. આ ચક્રવાતને કારણે 9 નવેમ્બર, 2019ના રોજ ઓડિશાના કેટલાક ભાગોમાં વરસાદ થયો હતો.

ICE FOR COMPETITIVE EXAMS ®

### વર્ષ 2019માં ઉત્તર હિંદમહાસાગરમાં આવેલા ચક્રવાતોના નામ

| ક્રમ | સમય | ચક્રવાતનું નામ | આ નામ કયા દેશ દ્વારા આપવામાં આવ્યું છે ? |
|---|---|---|---|
| 1 | જાન્યુઆરી | Pabuk | - |
| 2 | એપ્રિલ/મે | Fani | બાંગ્લાદેશ |
| 3 | જૂન | Vayu | ભારત |
| 4 | ઓક્ટોબર | Hikka | માલદીવ |
| 5 | ઓક્ટોબર | Kyarr | મ્યાનમાર |
| 6 | નવેમ્બર | Maha | ઓમાન |
| 7 | નવેમ્બર | BulBul | પાકિસ્તાન |

**નોંધ :** (1) Pabuk ચક્રવાતને કારણે થાઈલેન્ડમાં 8 લોકોના મોત થયા હતા. અને આ ઉપરાંત તેનાથી મલેશિયા અને વિયેતનામમાં પણ કેટલાક લોકોના મોત થયા હતા.

(2) વર્ષ 2019માં ઉદ્ભવેલા આ ચક્રવાતોમાં સૌથી વધુ શક્તિશાળી Kyarr બાદ બીજા નંબરના સૌથી વધુ શક્તિશાળી ચક્રવાત Fani અને Maha હતા.

આત્મગૌરવ, સમાજસેવા અને પ્રતિષ્ઠાની સંયુક્ત
કારકિર્દી એટલે ગુજરાત સરકાર

SPECIAL
10%
DISCOUNT

100% સફળતા માટે
ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

તલાટી / જુનિયર કલાર્ક /
સિનિયર કલાર્ક /
મદદનીશ આદિજાતિ
વિકાસ અધિકારી વગેરે...

ગુજરાત સરકારની વર્ગ-૩ની તમામ ભરતીઓ માટે

ફ્રી ટ્રાયલ લેક્ચર
21/11/19
સવારે 8 થી 10

અમદાવાદ
84695-01110 / 84696-01110

આત્મગૌરવ, સમાજસેવા અને પ્રતિષ્ઠાની સંયુક્ત
કારકિર્દી એટલે ગુજરાત સરકાર

તલાટી / જુનિયર કલાર્ક / સિનિયર કલાર્ક /
મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારી વગેરે...

ગુજરાત સરકારની વર્ગ-૩ની
તમામ ભરતીઓ માટે

જૂનાગઢ

10%
SPECIAL
DISCOUNT

ફ્રી ટ્રાયલ લેક્ચર
21/11/19
સવારે 8 થી 10

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

76985-01110 / 76986-01110

**09 NOVEMBER, 2019 SATURDAY**

## ➤ અયોધ્યા જમીન વિવાદ અંગે સુપ્રીમ કોર્ટનો સર્વાનુમતે ઐતિહાસિક અંતિમ ચુકાદો

9 નવેમ્બર, 2019ના રોજ 5 જજોની બંધારણીય બેન્ચ દ્વારા રામ જન્મભૂમિ–બાબરી મસ્જિદ કેસમાં અંતિમ ચુકાદો આપવામાં આવ્યો છે.

### શું છે ચુકાદો ?

- પાંચ જજોની **સર્વસંમતિથી** આપવામાં આવેલા **1045** પાનાના આ ચુકાદામાં જણાવવામાં આવ્યું છે કે, વિવાદિત સ્થળે **'રામમંદિર'** બનવું જોઈએ અને અયોધ્યામાં અગ્રણી સ્થળે **મુસ્લિમ પક્ષને** મસ્જિદ નિર્માણ માટે **પાંચ એકર જમીનનું વળતર** આપવું આવશ્યક છે. આ પાંચ એકર જમીન કેન્દ્રીય **સુન્ની વક્ફ બોર્ડ**ને આપવામાં આવશે.
- સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ **ત્રણ મહિનાની અંદર મંદિર નિર્માણ માટેની યોજના** કેન્દ્ર સરકાર દ્વારા તૈયાર કરવી તથા આ માટે કેન્દ્ર સરકાર અંતર્ગત એક **ટ્રસ્ટ** બનાવવામાં આવે.
- સુપ્રીમ કોર્ટ દ્વારા **2.77 એકર**ની વિવાદીત જમીન **ભગવાન રામ લલ્લા** માટે આપવામાં આવી.
- સુપ્રીમ કોર્ટ દ્વારા **અલાહાબાદ હાઈકોર્ટ** દ્વારા આપવામાં આવેલ **ચુકાદાને સંપૂર્ણ** રીતે **બદલવામાં** આવ્યો છે.
- આ ચુકાદા માટે સુપ્રીમ કોર્ટ દ્વારા **ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI - Archaeological Survey of India)** દ્વારા આપવામાં આવેલ **અહેવાલને માન્ય રાખવામાં** આવેલ છે.
- મંદિરના **નિર્માણ તથા નિયમન** માટે એક **ટ્રસ્ટ** બનાવવામાં આવશે. આ ટ્રસ્ટને **ઈનર કોર્ટયાર્ડ અને આઉટર કોર્ટયાર્ડ** (મંદિરનો અંદરનો ભાગ અને બહારનો ભાગ) એમ બંને સ્થાનો સોપવામાં આવશે.
- જ્યાં સુધી **ટ્રસ્ટનું નિર્માણ ન થાય**, ત્યાં સુધી વિવાદિત સ્થળની **માલિકી કેન્દ્ર સરકાર**ની રહેશે.

### ASIનો અહેવાલ

- વર્ષ 2003માં અલાહાબાદ હાઈકોર્ટના આદેશને અનુસરીને ASI દ્વારા રામ જન્મભૂમિ/બાબરી મસ્જિદના સ્થળનું ઉત્ખનન અને પરીક્ષણ કરવામાં આવ્યું હતું. જેના પરથી આ અહેવાલ બનાવવામાં આવ્યો છે.

### ASIના અહેવાલના મુખ્ય અવલોકનો

- આ અહેવાલ મુજબ, મસ્જિદનું નિર્માણ 12મી સદીના હિન્દુ ધર્મના કોઈ પૂર્વ હયાત બાંધકામ પર થયેલું છે.
- 1992ના બાબરી મસ્જિદના ધ્વંશ દરમિયાન ત્રણ શિલાલેખો મળેલા છે, જે પૈકી 'વિષ્ણુ–હરી' શિલાલેખ મહત્ત્વનો છે. આ શિલાલેખ મુજબ 'વિષ્ણુ કે જેણે બલી અને એક અન્ય દશ માથાના વ્યક્તિને હણ્યો' તેને આ મંદિર અર્પિત છે. (ભગવાન શ્રી રામ એ ભગવાન વિષ્ણુનો એક અવતાર છે તે વાત સ્પષ્ટ છે.)
- આ ઉપરાંત આ સ્થળેથી ટેરાકોટાની મૂર્તિઓ, માણસ તથા પશુ મૂર્તિઓ, એક 50×50 મીટરનું પ્લેટફોર્મ તથા ગુંબજની નીચેના ભાગમાંથી હિન્દુ ધર્મનું સૂચન કરતા સ્તંભો મળી આવેલ છે.

### ASI વિશેની ઐતિહાસિક માહિતી

- ઈ.સ. 1862-63માં શ્રી એ. ઈ. કનિંઘહ્ન દ્વારા અયોધ્યામાં સૌપ્રથમ સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું. શ્રી કનિંઘહ્નનો મુખ્ય ઉદેશ બૌદ્ધ સ્થળો વિશેની માહિતી મેળવવાનો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- શ્રી કનિંઘહ્મે એ વાત માની હતી કે વર્તમાન અયોધ્યા એ રામાયણ કાળનું જ અયોધ્યા છે.
- અયોધ્યામાં 1969-70માં શ્રી એ. કે. નરેન દ્વારા ઉત્ખનન કરવામાં આવ્યું હતું. તેમના મત મુજબ અયોધ્યામાં ઈ.સ. પૂર્વે 5મી સદીના માનવ વસવાટના પૂરાવાઓ મળ્યા છે.
- શ્રી એ. કે. નરેનના મત મુજબ અહીં બૌદ્ધ ઉપસ્થિતિના પણ મજબૂત પૂરાવાઓ મળી આવ્યા છે.
- ઈ.સ. 1848માં પ્રથમ વખત શ્રી એ. ઈ. કનિંઘહ્મે ASI માટેની યોજના બનાવી હતી.
- ઈ.સ. 1861માં કનિંઘહ્મને ASIના પ્રથમ મહાનિર્દેશક (Director General) નિયુક્ત કરવામાં આવ્યા હતા.
- જયારે શ્રી રામ બહાદુર દયારામ સાહનીએ ASIના પ્રથમ ભારતીય મહાનિર્દેશક હતા.

## સુપ્રીમ કોર્ટ દ્વારા કયા અવલોકનોના આધારે આપવામાં આવ્યો નિર્ણય ?

- **ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ (ASI)** દ્વારા આપવામાં આવેલા અહેવાલ પરથી સુપ્રીમ કોર્ટે કહ્યું કે 'બાબરી મસ્જિદનું નિર્માણ **ખાલી જગ્યા** પર કરવામાં આવ્યું **ન** હતું'
- આ મસ્જિદની હેઠળ એક અન્ય બાંધકામ મળી આવેલ છે અને તે **'બિન-મુસ્લિમ' બાંધકામ** છે.
- સુપ્રીમ કોર્ટ મુજબ, 'ભગવાન રામનો જન્મ અયોધ્યામાં થયો હતો તે હિન્દુઓની **શ્રદ્ધા અને માન્યતા ''નિર્વિવાદીત''** છે.' આ માન્યતાને નકારી શકાય તેવા કોઈ પુરાવા કોર્ટના રેકોર્ડમાં આવ્યા નથી.
- સુપ્રીમ કોર્ટે અલાહાબાદ હાઈકોર્ટના મતને માન્યતા આપતા કહ્યું છે કે, 'બાબરી મસ્જિદના **કેન્દ્રીય ગુંબજ હેઠળ** બે મૂર્તિઓ **22-23 ડિસેમ્બર, 1949**ની રાત્રે મૂકવામાં આવી હતી.'

## કઈ બેન્ચ દ્વારા આ ચુકાદો આપવામાં આવ્યો ?

- આ વિવાદના ઉકેલ માટે સુપ્રીમ કોર્ટ દ્વારા **જાન્યુઆરી 2019**માં સુપ્રીમ કોર્ટના **ચીફ જસ્ટિસ શ્રી રંજન ગોગોઈની અધ્યક્ષતા**માં પાંચ જજોની નવી બંધારણીય બેન્ચની રચના કરવામાં આવી હતી.
- આ બેન્ચના પાંચ સભ્યોના નામ આ પ્રમાણે છે :

(1) ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ (અધ્યક્ષ) (2) જસ્ટિસ એસ. એ. બોબડે
(3) જસ્ટિસ ડી. વાય. ચંદ્રચૂડ (4) જસ્ટિસ અશોક ભૂષણ
(5) જસ્ટિસ એસ. એ. નઝીર

- ઉપરોક્ત બેન્ચ દ્વારા આ કેસની સુનાવણી 6 ઓગસ્ટ 2019થી 16 ઓક્ટોબર 2019 એમ **સતત 40 દિવસ** સુધી હાથ ધરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## આ વિવાદમાં કયા-કયા પક્ષો સમાવિષ્ટ હતા ?

(1) રામ જન્મભૂમિ ન્યાસ

(2) નિર્મોહી અખાડા

(3) સુન્ની વક્ફ બોર્ડ

(4) શિયા વક્ફ બોર્ડ

(5) રામ લલ્લા વિરાજમાન

(6) આ ઉપરાંત અન્ય પક્ષોમાં હિન્દુ મહાસભા, રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ (RSS), વિશ્વ હિન્દુ પરિષદ વગેરેનો પણ સમાવેશ થાય છે.

## અયોધ્યા વિવાદનો ઈતિહાસ

- **1528 :** મુઘલ શાસક બાબરના આદેશના આધારે **'મીર બાકી'** દ્વારા મસ્જિદનું નિર્માણ કરવામાં આવ્યું હોવાનું મનાય છે.
- **ડિસેમ્બર, 1949 :** મસ્જિદમાંથી મૂર્તિ મળ્યા બાદ કોર્ટમાં દીવાની કેસ (Civil Case) દાખલ કરવામાં આવ્યો હતો. (આ અગાઉ પણ હિન્દુ સંગઠનોએ વિવાદિત જમીન પર વિવિધ દાવાઓ કર્યા હતા તથા મસ્જિદ માટે શિયા અને સુન્ની મુસ્લિમ પક્ષોમાં પણ વિવાદો ચાલુ હતા).
- **1986 :** જિલ્લા ન્યાયાધીશના આદેશથી 37 વર્ષો બાદ (1949થી) મસ્જિદના દરવાજાઓને હિન્દુઓ માટે ખોલવામાં આવ્યા અને વિવાદિત સ્થળની અંદર **પ્રાર્થના કરવાની અનુમતિ** આપવામાં આવી.
- **1991 :** 1991માં ઉત્તરપ્રદેશમાં શ્રી કલ્યાણ સિંહની સરકાર આવતા **2.77 એકર**ની વિવાદિત જમીન **'રામ જન્મભૂમિ ન્યાસ ટ્રસ્ટ'**ને લીઝ પર આપવામાં આવી. આ મુદ્દે ન્યાયતંત્ર સાથે મતભેદ થયો.
- **6 ડિસેમ્બર, 1992 :** સમગ્ર દેશમાં કોમી રમખાણો થયા.
- **16 ડિસેમ્બર, 1992 :** **રમખાણોની તપાસ કરવા** શ્રી પી.વી. નરસિમ્હા રાવ દ્વારા **જસ્ટિસ લિબરહાન**ની અધ્યક્ષતામાં એક તપાસ સમિતિની રચના કરવામાં આવી હતી.
- **30 સપ્ટેમ્બર, 2010 :** અલાહાબાદ હાઈકોર્ટનો ચુકાદો : વિવાદિત સ્થળને **ત્રણ ભાગમાં વહેંચવામાં** આવે જે પૈકી,
  (1) 1/3 ભાગ રામ લલ્લાને (હિન્દુ મહાસભા દ્વારા પ્રતિનિધિત્વ) આપવામાં આવે
  (2) 1/3 ભાગ સુન્ની વક્ફ બોર્ડને આપવામાં આવે
  (3) 1/3 ભાગ નિર્મોહી અખાડાને આપવામાં આવે
- **ડિસેમ્બર 2010 :** **અખિલ ભારતીય હિન્દુ મહાસભા** અને **સુન્ની વક્ફ બોર્ડ** દ્વારા અલાહાબાદ હાઈકોર્ટના નિર્ણયનો **સુપ્રીમ કોર્ટમાં પડકાર** કરવામાં આવ્યો હતો.
- **6 ઓગસ્ટ, 2019 :** **ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ**ની અધ્યક્ષતાવાળી બંધારણીય બેન્ચ દ્વારા **અંતિમ સુનાવણી** કરવામાં આવી હતી.
- **16 ઓક્ટોબર, 2019 :** સુપ્રીમ કોર્ટની અંતિમ સુનાવણીનો અંત આવ્યો.
- **9 નવેમ્બર, 2019 :** સુપ્રીમ કોર્ટનો ઐતિહાસિક અંતિમ નિર્ણય
  (1) વિવાદિત સ્થળે ટ્રસ્ટ દ્વારા રામ મંદિરનું નિર્માણ કરવામાં આવશે.
  (2) સુન્ની વક્ફ બોર્ડને વળતરરૂપે અયોધ્યામાં અન્ય જગ્યાએ 5 એકર જમીનની ફાળવણ કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

1. ભારતમાં 'રાષ્ટ્રીય ન્યાયિક સેવા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 7 નવેમ્બર (B) 8 નવેમ્બર (C) 9 નવેમ્બર (D) 10 નવેમ્બર **(C)**

2. વિશ્વના સૌથી મોટા પશુ મેળા તરીકે પ્રસિદ્ધ પુષ્કરનો મેળો ભારતમાં કયાં ભરાય છે ?
(A) જિ. જયપુર, રાજસ્થાન (B) જિ. અજમેર, રાજસ્થાન
(C) જિ. બાડમેર, રાજસ્થાન (D) જિ. ઉદેપુર, રાજસ્થાન **(B)**

3. રાજસ્થાનના અજમેર જિલ્લાના પુષ્કર ખાતે દર વર્ષે કયા મહિનામાં ઊંટો તથા અન્ય પશુઓનો મેળો ભરાય છે ?
(A) અષાઢ (B) શ્રાવણ (C) આસો (D) કારતક **(D)**

4. ગુજરાતમાં ગિરનારની પરિક્રમા કયા નામે ઓળખાય છે ?
(A) ગરવી પરિક્રમા (B) દત્ત પરિક્રમા (C) લીલી પરિક્રમા (D) વન્ય પરિક્રમા **(C)**

5. ગુજરાતમાં ગિરનારની લીલી પરિક્રમાનો વિધિવત્ પ્રારંભ ક્યારથી થાય છે ?
(A) કારતક સુદ પાંચમ (B) કારતક સુદ સાતમ
(C) કારતક સુદ અગિયારસ (D) કારતક સુદ પૂનમ **(C)**

6. ગિરનારની લીલી પરિક્રમાની લંબાઈ કેટલા કિલોમીટર છે ?
(A) 26 (B) 36 (C) 46 (D) 48 **(B)**

7. ઉત્તર હિંદ મહાસાગરમાં વર્ષ 2019માં ઉદ્દભવેલા સૌથી સ્ટ્રોંગ અથવા તો સૌથી વધુ શક્તિશાળી ચક્રવાતનું નામ શું છે ?
(A) Fani (B) Vayu (C) Kyarr (D) Maha **(C)**

8. ઉત્તર હિંદ મહાસાગરમાં વર્ષ 2019માં Super Cyclonic storm તરીકે ફેરવાયેલા એકમાત્ર ચક્રવાતનું નામ શું છે ?
(A) Fani (B) Vayu (C) Kyarr (D) Maha **(C)**

9. ઉત્તર હિંદ મહાસાગરમાં વર્ષ 2019માં ઉદ્દભવેલા Kyarr નામના ચક્રવાતને Kyarr નામ કયા દેશે આપ્યું હતું ?
(A) બાંગ્લાદેશ (B) ભારત (C) ઓમાન (D) મ્યાનમાર **(D)**

10. તાજેતરમાં ઉદ્દભવેલા કયા ચક્રવાતને કારણે ઓમાનમાં કેટલાક વ્યક્તિઓના મોત થયા હતા ?
(A) Fani (B) Vayu (C) Hikka (D) Maha **(C)**

11. તાજેતરમાં ઉદ્દભવેલા Maha નામના ચક્રવાતને Maha નામ કયા દેશે આપ્યું હતું ?
(A) બાંગ્લાદેશ (B) ભારત (C) ઓમાન (D) મ્યાનમાર **(C)**

12. અયોધ્યા જમીન વિવાદ અંગેની સુપ્રીમ કોર્ટની બંધારણીય બેન્ચમાં કેટલા સભ્ય જજો હતા ?
(A) ચાર (B) પાંચ (C) છ (D) સાત **(B)**

13. સુપ્રીમ કોર્ટ દ્વારા અયોધ્યા જમીન વિવાદમાં અપાયેલા ચુકાદા મુજબ મુસ્લિમ પક્ષને વળતર રૂપે કેટલી જમીન ફાળવવામાં આવી છે ?
(A) 2.77 એકર (B) 2.77 હેક્ટર (C) 5 એકર (D) 5 હેક્ટર **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

| | | |
|---|---|---|
| **14.** | **અયોધ્યા જમીન વિવાદ કેસની સુનાવણી માટેની પાંચ સભ્યોવાળી બંધારણીય બેન્ચમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?**<br>**(A)** જસ્ટિસ એસ. એ. બોબડે **(B)** જસ્ટિસ ડી. વાય. ચંદ્રચૂડ<br>**(C)** જસ્ટિસ અશોક ભૂષણ **(D)** જસ્ટિસ બી. ભારદ્વાજ | **(D)** |
| **15.** | **ઈ.સ. 1992માં અયોધ્યા મુદ્દે થયેલા રમખાણોની તપાસ માટે કોની અધ્યક્ષતામાં એક તપાસ સમિતિની રચના કરવામાં આવી ?**<br>**(A)** જસ્ટિસ લિબરહાન **(B)** શ્રી કલ્યાણ સિંઘ<br>**(C)** શ્રી મુલાયમ સિંઘ યાદવ **(D)** જસ્ટિસ એસ. એ. નઝીર | **(A)** |
| **16.** | **અયોધ્યા જમીન વિવાદના સુપ્રીમ કોર્ટના અંતિમ નિર્ણય મુજબ રામ મંદિરનું નિર્માણ કોના દ્વારા કરવામાં આવશે ?**<br>**(A)** રામ જન્મભૂમિ ન્યાસ દ્વારા **(B)** એક ટ્રસ્ટ દ્વારા<br>**(C)** રાજ્ય સરકાર દ્વારા **(D)** કેન્દ્ર સરકાર દ્વારા | **(B)** |
| **17.** | **અયોધ્યા જમીન વિવાદ મુદ્દે રચવામાં આવેલી પાંચ સભ્યોવાળી બંધારણીય બેન્ચ દ્વારા સતત કેટલા દિવસ સુધી અંતિમ સુનાવણી હાથ ધરવામાં આવી હતી ?**<br>**(A)** 20 **(B)** 30 **(C)** 40 **(D)** 50 | **(C)** |
| **18.** | **ASIનું પૂરું નામ શું છે ?**<br>**(A)** Archaeological Survey of India **(B)** Ancient Society of India<br>**(C)** Anarchial Social Trust of India **(D)** Arithmetic Surveyor of India | **(A)** |
| **19.** | **અયોધ્યા વિવાદ મુદ્દે સુપ્રીમ કોર્ટના અંતિમ નિર્ણય મુજબ ભગવાન રામ લલ્લાના મંદિર માટે કેટલી જમીન આપવામાં આવી છે ?**<br>**(A)** 2.77 ચોરસ મીટર **(B)** 2.77 ચોરસ કિલોમીટર<br>**(C)** 2.77 હેક્ટર **(D)** 2.77 એકર | **(D)** |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER
## CURRENT AFFAIRS

## ભારત

### ➤ વિશ્વની પ્રથમ હ્યુમનોઈડ રોબોટ સોફિયાએ દિલ્હીમાં પેઈન્ટિંગ કર્યું

તાજેતરમાં ભારતમાં **નવી દિલ્હી** ખાતે **28મી IEEEE કોન્ફરન્સ ઓન રોબોટ & હ્યુમન ઈન્ટરએક્ટિવ કોમ્યુનિકેશનનું** આયોજન થયું હતું. આ કોન્ફરન્સમાં વિશ્વની પ્રથમ હ્યુમનોઈડ રોબોટ **સોફિયાએ** પેઈન્ટિંગ કર્યું હતું. વિશ્વની પહેલી હ્યુમનોઈડ રોબોટ સોફિયાને **સાઉદી અરેબિયાનું** નાગરિકત્વ મળેલું છે. **હોંગકોંગની હેન્સન રોબોટિક્સ** નામની કંપનીએ સોફિયાની ડિઝાઈન તૈયાર કરી છે.

### ➤ જાણીતી રેટિંગ એજન્સી મૂડીઝે ભારતનું ક્રેડિટ રેટિંગ આઉટલૂક 'સ્ટેબલ'થી ઘટાડી 'નેગેટીવ' કર્યું

વિશ્વની જાણીતી રેટિંગ એજન્સી **મૂડીઝે** તાજેતરમાં **ભારતનું** ક્રેડિટ રેટિંગ આઉટલુક **'સ્ટેબલ' (સ્થિર)**થી ઘટાડીને **'નેગેટીવ' (નકારાત્મક)** કર્યું છે. ભારતમાં આગામી સમયમાં આર્થિક વિકાસ દરમાં ઘટાડાના જોખમની સ્થિતિને જોતા આ ઘટાડો કરવામાં આવ્યો છે. જોકે, મૂડીઝે ભારતનું ફોરેન ઈસ્યુઅરનું રેટિંગ **Baa2** યથાવત્ રાખ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિશ્વ

### ➤ નાસાની મહિલા અવકાશયાત્રીઓએ સ્પેસવોક કરીને ઈતિહાસ સર્જ્યો

તાજેતરમાં **નાસાની બે મહિલા** અવકાશયાત્રીઓએ વિક્રમસર્જક **સ્પેસવોક** કર્યું હતું. માત્ર મહિલાઓની ટીમ દ્વારા સ્પેસવોક થયું હોય એવી આ પ્રથમ ઘટના હતી. આ અંતર્ગત નાસાની બે મહિલા અવકાશયાત્રીઓ **સુશ્રી ક્રિસ્ટિના કોચ** અને **સુશ્રી જેસિકા મેઈર** આંતરરાષ્ટ્રીય સ્પેસ સ્ટેશનમાંથી બહાર નીકળીને ક્ષતિપૂર્ણ બેટરી બદલવાનું પડકારજનક કામ પાર પાડ્યું હતું.

### ➤ ભારતના પ્રસિદ્ધ અભિનેત્રી સુશ્રી કરીના કપૂરના હસ્તે ટી-20 વર્લ્ડ કપ ટ્રોફીનું અનાવરણ

ICC દ્વારા વર્ષ **2020**માં **ફેબ્રુઆરી 2020** દરમિયાન **મહિલા ટી-20 ક્રિકેટ વર્લ્ડ કપ** અને **ઓક્ટોબર 2020** દરમિયાન **પુરુષો માટેના ટી-20 ક્રિકેટ વર્લ્ડ કપનું** આયોજન કરવામાં આવ્યું છે. આ બંને ટી-20 વર્લ્ડ કપ **ઓસ્ટ્રેલિયામાં** યોજાશે. આ અંતર્ગત તાજેતરમાં **ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન** ખાતે ભારતના પ્રસિદ્ધ અભિનેત્રી **સુશ્રી કરીના કપૂરના** હસ્તે આ **બંને વર્લ્ડ કપની ટ્રોફીઓનું** અનાવરણ કરવામાં આવ્યું છે.

## ICE ? Questions

- તાજેતરમાં ભારતમાં કઈ જગ્યાએ યોજાયેલી 28મી IEEEE કોન્ફરન્સ ઓન રોબોટ & હ્યુમન ઈન્ટરએક્ટિવ કોમ્યુનિકેશનમાં વિશ્વની પ્રથમ હ્યુમનોઈડ રોબોટ સોફિયાએ પેઈન્ટિંગ કર્યું હતું ? – નવી દિલ્હી
- તાજેતરમાં જાણીતી રેટિંગ એજન્સી મૂડીઝે ભારતનું ક્રેડિટ રેટિંગ આઉટલૂક 'સ્ટેબલ'થી ઘટાડીને કયું કર્યું છે ? – નેગેટીવ
- તાજેતરમાં નાસાની કઈ બે મહિલા અવકાશયાત્રીઓએ સ્પેસવોક કરીને ઈતિહાસ સર્જ્યો હતો ? – સુશ્રી ક્રિસ્ટિના કોચ અને સુશ્રી જેસિકા મેઈર
- ટી-20 વર્લ્ડ કપ 2020નું આયોજન કયાં થયું છે ? – ઓસ્ટ્રેલિયા
- તાજેતરમાં ભારતના કયા અભિનેત્રી દ્વારા ટી-20 ક્રિકેટ વર્લ્ડ કપ 2020ની ટ્રોફીનું અનાવરણ કરવામાં આવ્યું છે ? – સુશ્રી કરીના કપૂર
- તાજેતરમાં સુશ્રી કરીના કપૂરે કયાંથી ટી-20 ક્રિકેટ વર્લ્ડ કપ 2020ની ટ્રોફીનું અનાવરણ કર્યું છે ? – મેલબોર્ન

# QUICK CURRENT
## QUESTIONS OF THIS WEEK

1. તાજેતરમાં ઓગસ્ટ 2019 દરમિયાન ઉદ્દભવેલા 'ડોરિયન' નામના હરિકેન કે ચક્રવાતને કારણે સૌથી વધુ નુકશાન કયા દેશમાં થયું હતું ? – બહામાસ
2. તાજેતરમાં બહામાસમાં ડોરિયન ચક્રવાતને કારણે થયેલા નુકશાન માટે ભારત દ્વારા કેટલા રૂપિયાની માનવીય સહાય કરવામાં આવી હતી ? – 1 મિલિયન ડોલર
3. તાજેતરમાં પ્રસિદ્ધ મેગેઝિન ફોર્બ્સ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલી વધુ કિંમત ચૂકવાયેલ અભિનેતાઓની યાદીમાં ટોપ-5માં ભારતના કયા અભિનેતાનો સમાવેશ થયો હતો ? – શ્રી અક્ષય કુમાર
4. તાજેતરમાં ફોર્બ્સ દ્વારા પ્રસિદ્ધ થયેલ વિશ્વના સૌથી વધુ કિંમત ચૂકવાયેલ અભિનેતાઓની યાદીમાં ભારતના પ્રસિદ્ધ અભિનેતા શ્રી અક્ષય કુમાર કયા ક્રમે હતા ? – ચોથા
5. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા સેમ્પલ રજિસ્ટ્રેશન સિસ્ટમ બુલેટિન અનુસાર ભારતમાં વર્ષ 2013 બાદ માતા મૃત્યુદરમાં કેટલા ટકાનો ઘટાડો થયો છે ? – 26.9 ટકા
6. તાજેતરમાં નવી દિલ્હી ખાતે નિર્માણ પામેલા દિલ્હી પોલીસના નવા હેડક્વાર્ટરનું કોના દ્વારા ઉદઘાટન કરવામાં આવ્યું છે ? – શ્રી અમીત શાહ

7. તાજેતરમાં આર્જેન્ટિનાની ચૂંટણીમાં વિજેતા રાષ્ટ્રપતિનું નામ શું છે ? – શ્રી અલ્બર્ટો ફર્નાન્ડિઝ

8. ભારતના 50મા આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવની સમાપન ફિલ્મ કઈ હશે ?
– માર્ગે એન્ડ હર મધર (ઈરાનના ડાયરેકટર શ્રી મોહસિન મખમલબફ દ્વારા નિર્મિત ફિલ્મ)

9. તાજેતરમાં થયેલી જાહેરાત અનુસાર શ્રી ગુરૂનાનક દેવનો સંદેશો લોકો સુધી પહોંચાડવા માટે કઈ યુનિવર્સિટીમાં રૂ. 493 કરોડના ખર્ચે અંતઃ પંથ કેન્દ્રની સ્થાપના કરવામાં આવશે ? – ગુરૂનાનક દેવ યુનિવર્સિટી, પંજાબ

10. તાજેતરમાં નવેમ્બર 2019 દરમિયાન ભારત અને કયા દેશની નૌસેના વચ્ચે યુદ્ધ અભ્યાસ 'સમુદ્ર શક્તિ'નું આયોજન થયું છે ? – ઈન્ડોનેશિયા

11. તાજેતરમાં નવેમ્બર 2019 દરમિયાન ભારત અને ઈન્ડોનેશિયાની નૌસેના વચ્ચે કઈ જગ્યાએ યુદ્ધ અભ્યાસ 'સમુદ્ર શક્તિ'નું આયોજન થયું હતું ? – વિશાખાપટ્ટનમ અથવા તો બંગાળની ખાડીમાં

12. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં કયા શહેરમાં 'ધ રાઈઝિંગ હિમાચલ : ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ 2019'નું ઉદ્ઘાટન કર્યું હતું ? – ધર્મશાળા

13. તાજેતરમાં યુનાઈટેડ આરબ અમીરાતના રાષ્ટ્રપતિ તરીકે કોણ ફરીથી ચૂંટાઈ આવ્યું છે ?
– શેખ ખલિફા બિન જાયદ અલ નાહયાન

14. તાજેતરમાં વિશાખાપટ્ટનમમાં યોજાયેલા પ્રથમ બિમ્સ્ટેક બંદર (Port) સંમેલનનું ઉદ્ઘાટન કોણે કર્યું હતું ?
– શ્રી મનસુખ માંડવિયા

15. નવેમ્બર 2019 દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કયા જિલ્લાના મહિલા દૂધ ઉત્પાદક સંઘના નવા પ્લાન્ટ તથા નૂતન બિલ્ડિંગનું ખાતમુહૂર્ત કર્યું છે ? – મોરબી

16. તાજેતરમાં ગુજરાત સરકારે કયા કિલ્લાને 'રાજ્ય રક્ષિત સ્મારક' જાહેર કર્યું છે ?
– જૂનાગઢમાં આવેલા ઉપરકોટ કિલ્લાને

17. તાજેતરમાં ભારતીય તટરક્ષક દળ દ્વારા કયા તટ પર ReSAREX-19નું આયોજન કરવામાં આવ્યું હતું ?
– ગોવા

18. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા નાસ્કોમના રિપોર્ટ અનુસાર ભારત વિશ્વનું કેટલામા નંબરનું સૌથી મોટું સ્ટાર્ટઅપ હબ છે ?
– (ચીન અને અમેરિકા બાદ) ત્રીજા નંબરનું સૌથી મોટું

19. ભારતમાં રાષ્ટ્રીય સ્વચ્છ ગંગા મિશન દ્વારા તાજેતરમાં કયા શહેરમાં 'ગંગા ઉત્સવ'નું આયોજન કરવામાં આવ્યું હતું ?
– નવી દિલ્હી

20. ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ (GRSE) દ્વારા ભારતીય તટરક્ષક દળને કયું જહાજ સોંપવામાં આવ્યું છે ? – ICGS એની બેસન્ટ

21. ભારતમાં કઈ અગિયારસ દેવઉઠી એકાદશી તરીકે ઓળખાય છે કે જેમાં તુલસીવિવાહના ધાર્મિક પ્રસંગો ઉજવાય છે ?
– કારતક સુદ અગિયારસ

22. તાજેતરમાં 13-14 નવેમ્બર 2019 દરમિયાન કેટલામી BRICS સમિટનું આયોજન થયું છે ? – 11 મી

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

23. 13-14 નવેમ્બર 2019 દરમિયાન કઈ જગ્યાએ યોજાનાર 11મી BRICS સમિટમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ઉપસ્થિત રહેશે ? – બ્રાઝિલિયા (બ્રાઝિલ)

24. BRICSના સભ્યોમાં કયા પાંચ દેશોનો સમાવેશ થાય છે ?
– બ્રાઝિલ, રશિયા, ઈન્ડિયા, ચાઈના અને સાઉથ આફ્રિકા

25. તાજેતરમાં સેનેટર બનીને અમેરિકાની સેનેટમાં સ્થાન મેળવનાર પ્રથમ અમેરિકી મુસ્લિમ મહિલા અને પ્રથમ ભારતીય–અમેરિકી મુસ્લિમ મહિલા કોણ છે ? – સુશ્રી ગઝાલા હાશ્મી (મૂળ હૈદરાબાદના મહિલા)

26. તાજેતરમાં કયા દેશમાં ગેરકાયદેસર રીતે રહેતા ભારતીયો માટે 'બેક ફોર ગુડ પ્રોગ્રામ' હેઠળ ભારતીય વસાહતીઓને સ્વદેશ પરત આવવા માટે માફી યોજના જાહેર કરવામાં આવી છે ? – મલેશિયા

27. વિશ્વ ઓલિમ્પિયન્સ એસોસિએશન દ્વારા તાજેતરમાં કયા ભારતીય ખેલાડીને OLYથી સન્માનીત કરવામાં આવ્યા છે ?
– સુશ્રી એમ. સી. મેરીકોમ

28. 'ધ ફ્રીડમ હાઉસ' દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા 'ફ્રીડમ ઓન ધ નેટ' રિપોર્ટ 2019માં ઈન્ટરનેટની આઝાદીની બાબતમાં ભારતને 100માંથી કેટલા પોઈન્ટ મળ્યા છે ? – 55

29. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા 'ઈન્ડિયા જસ્ટિસ રિપોર્ટ' અનુસાર ભારતમાં સૌથી શ્રેષ્ઠ કાયદો–વ્યવસ્થા ભારતના કયા રાજ્યમાં છે ? – મહારાષ્ટ્ર (ત્યારબાદ કેરળ, તમિલનાડુ અને પંજાબ)

30. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા 'ઈન્ડિયા જસ્ટિસ રિપોર્ટ' અનુસાર ભારતમાં બદતર કાયદો–વ્યવસ્થા ભારતના કયા રાજ્યમાં છે ? – ઉત્તરપ્રદેશ

31. ટી-20 ક્રિકેટમાં 2500+ રન કરનાર વિશ્વના પ્રથમ ખેલાડીનું નામ શું છે ? – શ્રી રોહિત શર્મા

32. સૌથી ઓછી વન–ડે ઈનિંગમાં 2000 રન કરનાર ભારતીય ખેલાડી કોણ છે ? – સુશ્રી સ્મૃતિ માંધાના

33. તાજેતરમાં એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા થયેલા કસ્ટમર સેટીસ્ફેક્શન સર્વેમાં વેસ્ટર્ન રિજીયનના 19 એરપોર્ટમાં કયું એરપોર્ટ પ્રથમ ક્રમે છે ? – વડોદરા

34. 4 નવેમ્બર 2019ના રોજ RBI દ્વારા PMC બેંકના ખાતેદારો માટે પૈસા નીકાળવાની મર્યાદા વધારીને કેટલી કરવામાં આવી છે ? – રૂ. 50,000

35. તાજેતરમાં કતારના દોહા ખાતે રમાઈ રહેલી એશિયન ચેમ્પિયનશિપમાં કયા ભારતીય ખેલાડીએ પોતાના બર્થડેના દિવસે સિલ્વર મેડલ જીત્યો છે ? – શ્રી દીપક કુમાર

36. તાજેતરમાં ગુજરાત સરકારે ગુજરાતના મુખ્યમંત્રી તથા રાજ્યપાલ સહિતના મહાનુભાવો માટે રૂ. 191 કરોડના ખર્ચે કયું નવું વિમાન ખરીદ્યું છે ? – બોમ્બાર્ડિયર ચેલેન્જર 650 (કેનેડાની એવિએશન કંપની બોમ્બાર્ડિયર પાસેથી)

37. સ્કૂલ અભ્યાસક્રમમાં ક્લાઈમેટ ચેન્જના વિષયને ફરજિયાત સામેલ કરનાર વિશ્વના પ્રથમ દેશનું નામ શું છે ?
– ઈટાલી

38. તાજેતરમાં કયા દેશની રાષ્ટ્રીય ફૂટબોલ ટીમમાં મહિલાઓને પણ પુરુષો જેટલું જ વેતન આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ? – ઓસ્ટ્રેલિયા

39. તાજેતરમાં 9થી 11 નવેમ્બર 2019 દરમિયાન કયા શહેરમાં સંસ્કૃતના પ્રથમ વિશ્વ સંમેલનનું આયોજન થયું છે ?
– દિલ્હી

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

દરેક પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી ફ્રી ઓનલાઈન મટીરિયલ્સની માહિતી માટે icerajkot PAGE LIKE કરો.

FACEBOOK
icerajkot

આ મેગેઝિન ફ્રી મેળવવા માટે અમારી નવી AUTHENTIC TELEGRAM CHANNEL

(t.me / icerajkotofficial)
આજે જ JOIN કરો.




## ALL TYPE OF COMPETITIVE EXAMS

- GPSC
- SBI
- PSI
- TALATI
- UPSC
- PO
- PI
- Dy. S.O.
- IBPS
- CLERK
- CONSTABLE
- Dy. MAMLATDAR

- સ્પર્ધાત્મક પરીક્ષાના નિષ્ણાતો દ્વારા અભ્યાસ.
- ગણિત, ENGLISH, ગુજરાતી અને સામાન્ય જ્ઞાનની સર્વગ્રાહી સફળ ફોર્મ્યુલા.
- પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી.
- જરૂરી અને મર્યાદિત વાંચનના માધ્યમથી પરીક્ષાલક્ષી અને પરિણામલક્ષી તૈયારી.
- વ્યૂહાત્મક તૈયારી માટે અલ્ટ્રાપ્લાનિંગ.
- અનુભવી નિષ્ણાતો દ્વારા તૈયાર થયેલું ટુ ધી પોઈન્ટ અપડેટેડ સ્ટડી મટીરિયલ્સ.
- સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ.